ગુજરાત વેપારી મહામંડળ

FICCI

CII
Confederation of Indian Industry

ASSOCHAM

૩૦ જુલાઇ, ૨૦૧૯

**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
માનનીય વડાપ્રધાનશ્રી
ભારત સરકાર
ન્યુ દિલ્હી.

**વિષયઃ મર્ચન્ડાઇઝ એક્સપોર્ટસ ફ્રોમ ઇન્ડિયા સ્કીમ (MEIS) ને આકસ્મીક ધોરણે પાછી ખેંચવા ને કારણે ગુજરાતના ટેક્ષટાઇલ ઉદ્યોગને ગંભીર વિપરીત અસર.**

**માનનીય શ્રી નરેન્દ્રભાઇ,**

અમને વિદિત થયું છે તેમ ટેક્ષટાઇલ ઉદ્યોગને મળતી MEIS Scheme ને ભારત સરકાર દ્વારા **MEIS** સ્કીમને તા. ૧-૮-૨૦૧૯ થી પાછી ખેંચવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ આકસ્મીક નિર્ણયને કારણે ગુજરાતના ટેક્ષટાઇલ ઉદ્યોગને ખુબજ ગંભીર વિપરીત અસર પડશે અને તેનું અસ્તિત્વ મુશ્કેલીમાં મુકાઇ જાય તેવી પરિસ્થિતિ સર્જાશે.

આપ જાણો છો તેમ હાલના સમયમાં ટેક્ષટાઇલ ઉદ્યોગ જીએસટીના નવા કાયદાના અમલીકરણ પછી લાગુ થયેલ નવા કરમાળખાને કારણે મુશ્કેલીનો સામનો હજુ પણ કરી રહ્યો છે. આ ઉપરાંત દેશમાં તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ મંદીનો માહોલ સર્જાયો છે અને ટેક્ષટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલ એકમો તેમના માલનું ઉત્પાદન ખર્ચ બને તેટલું ઘટાડી નવા બજારો અને ખરીદદારોને નિકાસ કરવાના પુરજોર પ્રયત્નો કરી રહ્યા છે. આવા આકરા સમયમાં ટેક્ષટાઇલ ઉદ્યોગને તેમનું અસ્તિત્વ જાળવી રાખવા અને વૈશ્વિક બજારોમાં તેમની સ્પર્ધાત્મકતા જાળવવા માટે સરકાર તરફથી શક્ય તેટલાં પ્રોત્સાહનો અને સહાયની અપેક્ષા છે.

ગુજરાતના ટેક્ષટાઇલ ઉદ્યોગ આવા સમયે તેમની અપેક્ષાના વિરુદ્ધ **MEIS** સ્કીમનો લાભ પાછો ખેંચી લેવાના નિર્ણય ને કારણે ભારે મુસીબતમાં મુકાયો છે અને તેમનામાં ખૂબ અસંતોષ વ્યાપી ગયો છે. આ નિર્ણય જો લેવામાં આવશે તો તે એક એવો પડકાર હશે કે જે ગુજરાતનો ટેક્ષટાઇલ ઉદ્યોગ ઝીલી શકશે નહીં અને તેની કરોડરજ્જુ તુટી જશે તેમજ તેનું અસ્તિત્વ મુશ્કેલીમાં મુકાઇ જશે. હાલમાં ગુજરાતનો ટેક્ષટાઇલ ઉદ્યોગ ૬ લાખ જેટલાં પરિવારોને સીધી રોજગારી આપે છે અને આ લાભ ન મળતાં આ એકમો બંધ થવાની કગારે પહોંચી જશે જેનાથી બેરોજગારીમાં ખૂબ મોટો વધારો થશે.

Scanned by CamScanner

ગુજરાત વેપારી મહામંડળ

FICCI

CII
Confederation of Indian Industry

ASSOCHAM

: ૨ :

આપ જાણો છો તેમ ભારત નો ટેક્ષટાઈલ ઉદ્યોગ ખુબજ મોટી તકો ધરાવે છે પરંતુ અમુક માળખાકીય અને નીતિવિષયક પ્રશ્નોને કારણે આ તકોનો લાભ તેઓ લઈ શકતા નથી. દા.ત. ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ટ્રાન્ઝેક્શન કોસ્ટ FOB વેલ્યુંનું ૮ થી ૧૦ ટકા જેટલુ છે જે અન્ય દેશો કરતાં ખૂબ વધારે આવે છે. તે જ રીતે અન્ય હરીફ દેશોની સરખામણીએ આપણાં ટેક્ષટાઈલ ઉદ્યોગનું વર્કીંગ કેપીટલ ખર્ચ ખૂબ વધારે છે. આ ઉપરાંત ભારત દ્વારા અન્ય દેશો સાથે ટ્રેડ કરારો અંગે લાંબા સમયથી નિર્ણય ન થયા હોવાને કારણે બાંગલાદેશ અને પાકીસ્તાન જેવા દેશો જયાં NIL Tax થી નિકાસ કરે છે ત્યાં આપણા ટેક્ષટાઈલ નિકાસ પર ૯ થી ૧૦% ઈમ્પોર્ટ ડયુટી લાગે છે. આ પરિબળોને જોતાં અન્ય હરિફ દેશોની સરખામણીએ આપણો ટેક્ષટાઈલ ઉદ્યોગ ઉત્પાદન ખર્ચમાં ૧૫ % જેટલી અસમાનતા ધરાવે છે. આથી જો તેને વધુ પ્રોત્સાહન આપવામાં નહીં આવે તો આ વિશાળ ઉદ્યોગનું અસ્તિત્વ જાળવવું આવનારા સમયમાં ખૂબજ મુશ્કેલ બની રહેશે.

ગુજરાતનો ટેક્ષટાઈલ ઉદ્યોગ MEIS ના લાભો પાછા ખેંચવાવવા માટે હાલમાં બિલકુલ તૈયાર નથી. આ અંગે અમારી સાથે જોડાયેલ ગુજરાતના તમામ રીજનલ ચેમ્બરો, ટેક્ષટાઈલના મહાજનો તેમજ નાનાં-મોટા એકમો દ્વારા અમને ખુબજ મોટા પ્રમાણમાં ઉગ્ર રજૂઆતો મળેલ છે.

આથી આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે કે MEIS નો લાભ ઓછામાં ઓછો તા. ૩૧-૩-૨૦૨૦ સુધી આપવામાં આવે જેથી ગુજરાતના ટેક્ષટાઈલ ઉદ્યોગને થોડો સમય મળી રહે અને અગાઉથી નક્કી કરેલ વેચાણ કરારોનો યોગ્ય નિકાલ કરી શકાય.

આપના હકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

આપના વિશ્વાસુ,

| | | | |
|---|---|---|---|
| દુર્ગેશ બુચ | For જી. રામન | રાજુભાઈ શાહ | ચિંતન ઠાકર |
| પ્રમુખ | | ચેરમેન | કો-ચેરમેન |
| GCCI | FICCI-GSC | CII-GUJARAT | ASSOHAM-GUJARAT |